Research Review
The Refereed & Peer Review International Journal
www.researchreviewonline.com
ISSN: 2321- 4708
Dec. 2020, Year - 7 (92)
Paper ID : RRJ534861

# ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના ગુજરાતી વિષયના ધોરણ-૧૨ના પાઠય પુસ્તકમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ

સંશોધક
ડૉ. દેવયાની એન. પરમાર
એમ.એ., એમ.એડ્., પીએચ.ડી.

---

વર્તમાન કમ્પ્યુટર અને વૈશ્વિક યુગમાં વિશ્વ જયારે દિન-પ્રતિદિન નાનું બનતું જાય છે અને ઈન્ટરનેટના સહારે આખી દુનિયાનો સંપર્ક સહેલો થઈ પડયો છે, ત્યારે સારાયે વિશ્વને જાણવા નીકળેલો માણસ પોતાની જાણથી અજાણ થતો જાય છે, ભસ્વભ ની ઓળખ ગુમાવતો જાય છે. આવા સંકટ સમયે માનવજાતને પ્રેરણા અને પ્રોત્સાહન આપનારૂં કોઈ તત્વ હોય તો તે છે ઈશ્વર. આ ઈશ્વર સુધી પહોંચવાનો માર્ગ છે ધર્મ અને સંસ્કૃતિ. આથી ધર્મ અને સંસ્કૃતિનું રક્ષણ થાય તે ખૂબ જરૂરી છે.

સંસ્કૃતિ અને કેળવણી વચ્ચેનો સંબંધ સમજાવતા જોષી (૨006) લખે છે કે, ભભકેળવણી ત્રણ રીતે સંસ્કૃતિને અસર કરે છે. સંસ્કૃતિનું સંરક્ષણ, સંસ્કૃતિનું સંક્રમણ અને સંસ્કૃતિનું સંવર્ધન.ભભ આમ શિક્ષણ વ્યવસ્થા દ્વારા આપણા સાંસ્કૃતિક વારસાને આપણે સદીઓથી જાળવતા આવ્યા છીએ. સંસ્કૃતિનું મહત્વ સમજીને સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ ભારતીય સંસ્કૃતિ વિષયક અભ્યાસક્રમો અમલમાં મુકાયા છે. આ કાર્યમાંથી પ્રેરણા લઈને ઉચ્ચત્તર માધ્યમિક કક્ષાએ ચાલી રહેલા અભ્યાસક્રમોમાં બાળકોને શાળા કક્ષાએથી જ ઉચ્ચત્તર માધ્યમિક કક્ષાએ ધોરણ-1૨ ના ગુજરાતી વિષયના પાઠય પુસ્તકને ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાના સંદર્ભમાં ચકાસવાનો નમ્ર પ્રયાસ કર્યો છે.

## સમસ્યા કથન

ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના ગુજરાતી વિષયના ધોરણ-૧૨ના પાઠય પુસ્તકમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ

આ અભ્યાસ અંતર્ગત ગુજરાત રાજ્ઞય પાઠયપુસ્તક મંડળ દ્વારા રચાયેલ અને ગુજરાત રાજ્ઞયના શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક ઉમશ/1104/૨33૨-(૨)/ગ. 1, તા. ૨/1૨/૨004 (ધોરણ-1૨) થી મંજૂર થયેલા ગુજરાતી વિષયના પાઠયપુસ્તકનો ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓના સંદર્ભમાં અભ્યાસ હાથ ધર્યો હતો. આ અભ્યાસમાં પાઠયપુસ્તક અને પદ્ય વિભાગ અને તેના સ્વાઘ્યાય તેમજ ગદ્ય વિભાગ અને તેના સ્વાઘ્યાયમાં સમાવિષ્ટ ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ અને તેનું પ્રમાણ તારવવામાં આવ્યું હતું.

## અભ્યાસના હેતુઓ



Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-7-issue-92-december-2020/RRJ534861

1. ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના ગુજરાતી વિષયના ધોરણ-1૨ ના પાઠયપુસ્તકના પદ્ય વિભાગમાં સંસ્કૃતિની કઈ-કઈ લાક્ષણિકતાઓ રહેલી છે, તે તપાસવું.
૨. ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના ગુજરાતી વિષયના ધોરણ-1૨ ના પાઠયપુસ્તકના પદ્ય વિભાગના સ્વાધ્યાયમાં ભારતીય સંસ્કૃતિની કઈ-કઈ લાક્ષણિકતાઓ રહેલી છે તે તપાસવું.
3. ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના ગુજરાતી વિષયના ધોરણ-1૨ ના પાઠયપુસ્તકના પદ્ય વિભાગમાં રહેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓનું પ્રમાણ તારવવું.
4. ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના ગુજરાતી વિષયના ધોરણ-1૨ ના પાઠયપુસ્તકના ગદ્ય વિભાગમાં સંસ્કૃતિની કઈ-કઈ લાક્ષણિકતાઓ રહેલી છે, તે તપાસવું.
૫. ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના ગુજરાતી વિષયના ધોરણ-1૨ ના પાઠયપુસ્તકના ગદ્ય વિભાગના સ્વાધ્યાયમાં ભારતીય સંસ્કૃતિની કઈ-કઈ લાક્ષણિકતાઓ રહેલી છે તે તપાસવું.
6. ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના ગુજરાતી વિષયના ધોરણ-1૨ ના પાઠયપુસ્તકના ગદ્ય વિભાગમાં રહેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓનું પ્રમાણ તારવવું.
7. ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના ગુજરાતી વિષયના ધોરણ-1૨ ના પાઠયપુસ્તકમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ તપાસવી.

અભ્યાસના પ્રશ્નો

1. ધોરણ-1૨ ના ગુજરાતી વિષયના પાઠયપુસ્તકના પદ્ય વિભાગમાં ભારતીય સંસ્કૃતિની કઈ-કઈ લાક્ષણિકતાઓ વણાયેલી છે?
૨. ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓના ગુજરાતી વિષયના ધોરણ-1૨ ના પાઠયપુસ્તકના સ્વાધ્યાયમાં ભારતીય સંસ્કૃતિની કઈ લાક્ષણિકતાઓ રહેલી છે ?
3. ધોરણ-1૨ ના ગુજરાતી વિષયના પાઠયપુસ્તકના પદ્ય વિભાગમાં ભારતીય સંસ્કૃતિની કઈ લાક્ષણિકતા સૌથી વધુ પ્રમાણ ધરાવે છે?
4. ધોરણ-1૨ ના ગુજરાતી વિષયના પાઠયપુસ્તકના ગદ્ય વિભાગમાં ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ સમાયેલ છે?
૫. ધોરણ-1૨ ના ગુજરાતી વિષયના પાઠયપુસ્તકના ગદ્ય વિભાગના સ્વાધ્યાયમાં ભારતીય સંસ્કૃતિની કઈ લાક્ષણિકતાઓ સમાવિષ્ટ છે?
6. ધોરણ-1૨ ના ગુજરાતી વિષયના પાઠયપુસ્તકના ગદ્ય વિભાગમાં સૌથી વધુ પ્રમાણ કઈ લાક્ષણિકતાનું છે?
7. ધોરણ-1૨ ના ગુજરાતી વિષયના પાઠયપુસ્તકમાં ભારતીય સંસ્કૃતિની કઈ લાક્ષણિકતાઓ જોવા મળે છે?

પદોની વ્યવહારુ વ્યાખ્યા

પ્રસ્તુત સંશોધનમાં નીચે મુજબની ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ સ્વીકારવામાં આવી હતી.

(1) જ્ઞાનની ઉપાસના (૨) કર્મનો મહિમા (3) કર્મફલત્યાગ (4) ચાર પુરુષાર્થ (૫) ચાર આશ્રમ (6) માનવેત્તર સૃષ્ટિ સાથે પ્રેમસંબંધ (7) નારી સ્વરૂપ (8) અહિંસા (9) આતિથ્ય ભાવના (10) માનવતા (11) સંયુકત કુટુંબપ્રથા (1૨) વસુધૈવ કુટુંબકમ્ (13) આદર્શોનું મહત્વ (14) સોળ સંસ્કાર (1૫) ભારતીય કલાઓ (16) કેટલાક વિશિષ્ટ ખ્યાલો (17) મૂર્તિ પૂજા (18) મૃત્યનો મહિમા (19) પ્રતિક (૨0) ભારતીય કલાઓ (૨1) ભારતીય તહેવારો, ઉત્સવો, મેળાવડાઓ (૨૨) સાધુ-સંતો (૨3) સામાજિક સમાનતા અને સમભાવ (૨4) સંયમ (૨૫) ગુરુ- શિષ્ય સંબંધ (૨6) ચાર વર્ણ (૨7) ધ્યેયનો પરાકાષ્ઠા (૨8) જીવન મૂલ્યોનું અનુસરણ (૨9) તીર્થસ્થાનો (30) આધ્યાત્મિકતા (31) પરંપરાગતતા (3૨) વિશાળતા-ઉદારતા (33) તિતિક્ષાવૃત્તિ (34) અવતાર કલ્પના (3૫) વિશ્વબંધુત્વ (36) લગ્નસંસ્થા (37) જ્ઞાતિ વ્યવસ્થા

સંશોધનનું ક્ષેત્ર

પ્રસ્તુત અભ્યાસનું ક્ષેત્ર શિક્ષણનું તત્વજ્ઞાન હતું.

વ્યાપવિશ્વ

આ સંશોધનનું વ્યાપવિશ્વ ગુજરાત રાજ્નય શાળા પાઠયપુસ્તક મંડળ દ્વારા રચાયેલ ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓનું ધોરણ-1૨ નું ગુજરાતી વિષયનું પાઠયપુસ્તક હતું.

નમૂના પસંદગી

પ્રસ્તુત સંશોધન માટે ધોરણ-1૨ ના ગુજરાતી વિષયના પાઠયપુસ્તકના પદ્ય વિભાગની કુલ-૨1 કૃતિઓ અને ગદ્ય વિભાગની કુલ-19 કૃતિઓ મળીને કુલ 40 કૃતિઓ અને તે દરેકને સંશોધનમાં નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

સંશોધન પદ્ધતિ

પ્રસ્તુત સંશોધન ગુણાત્મક હોઈ, વિષયવસ્તુ પૃથક્કરણ પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

ઉપકરણ

આ સંશોધન માટે માહિતી એકત્રિત કરવા માટે તજજ્ઞીય અભિપ્રાયના આધારે કૃતિ પૃથક્કરણ પત્રની રચના કરવામાં આવી હતી.

સંશોધનનો પ્રકાર

આ સંશોધન ગુણાત્મક સંશોધન હતું તેમજ વ્યાવહારિક સંશોધન પણ હતું.

અભ્યાસની મર્યાદા

આ સંશોધન ઉચ્ચત્તર માધ્યમિક શાળાના ધોરણ-12 ગુજરાતી વિષયના પાઠયપુસ્તક પુરતું સીમિત હતું. પાઠયપુસ્તકનો ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓના સંદર્ભમાં જ અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો.

અભ્યાસનું મહત્વ

1. આ અભ્યાસનો ઉપયોગ ધોરણ-12 ના ગુજરાતી વિષયના શિક્ષકો તેમના શિક્ષણકાર્ય દરમિયાન કરી શકશે અને વિદ્યાર્થીઓને તેના આધારે સંસ્કૃતિની સમજ મળશે.
૨. ગુજરાત રાજય શાળા પાઠયપુસ્તક મંડળને ભવિષ્યમાં પાઠયપુસ્તક રચનામાં આ સંશોધન ઉપયોગી સાબિત થશે.
3. ભાવિ સંશોધકોને ભારતીય સંસ્કૃતિ વિષય અભ્યાસ હાથ ધરવા માટે ઉપયોગી થશે.

અભ્યાસની કાર્ય રૂપરેખા

સંબંધિત સંશોધકો અને તજજ્ઞીય અભિપ્રાયના આધારે ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓની સૂચિ બનાવવામાં આવી.

પાઠયપુસ્તકની ગદ્ય અને પદ્ય કૃતિનું પ્રાથમિક વચન કરવામાં આવ્યું.

માહિતી એકત્રીકરણ માટે કૃતિ પૃથક્કરણ પત્રની રચના કરવામાં આવી હતી.

કૃતિ પૃથક્કરણ પત્ર મુજબ માહિતી એકત્ર કરવામાં આવી.

એકત્ર કરેલ માહિતી અંગે તજજ્ઞીય અભિપ્રાય મેળવવામાં આવ્યો.

એકત્રિત માહિતીનું અર્થઘટન કરવામાં આવ્યું.

અર્થઘટન પરથી અભ્યાસના તારણો કાઢવામાં આવ્યા.

માહિતી એકત્રીકરણ

માહિતી એકત્ર કરવા માટે (1) વિષયવસ્તુ અભ્યાસ (૨) વિષયવસ્તુ પૃથક્કરણ (3) તજજ્ઞીય અભિપ્રાય અને (4) વિષયવસ્તુ સંશ્લેષણ. આ સોપાનો હાથ ધરવામાં આવ્યા હતા.

પ્રાપ્ત માહિતી અને તેનું સ્વરૂપ

પ્રસ્તુત સંશોધનમાં માહિતી શાબ્દિક અને સંખ્યાના સ્વરૂપમાં મેળવવામાં આવી હતી.

અભ્યાસના તારણો

1. પ્રસ્તુત અભ્યાસ પરથી ધોરણ-12 ના ગુજરાતી પાઠયપુસ્તકના પદ્ય વિભાગમાંથી ભારતીય સંસ્કૃતિની નવ (9) લાક્ષણિકતાઓ તારવવામાં આવી. આ લાક્ષણિકતાઓ (1) નારીસ્વરૂપ (૨) આદર્શોનું મહત્વ (3) બિનસાંપ્રદાયિકતા / સાંસ્કૃતિક એકતા (4) કેટલાક વિશિષ્ટ ખ્યાલો (૫) મૃત્યુ પ્રત્યેનો અભિગમ (6) ઋષિઓ, સાધુ-સંતો, ભકતો, (7) આધ્યાત્મિકતા / ભકિતનો મહિમા (8) વિશાળતા - ઉદારતા અને (9) જીવનમૂલ્યો હતા.

૨. અભ્યાસના એક તારણ મુજબ ધોરણ-1૨ ના પાઠયપુસ્તકના પદ્ય વિભાગના સ્વાધ્યાયમાં ભારતીય સંસ્કૃતિની 8 (આઠ) લાક્ષણિકતાઓ જોવા મળી જે આ મુજબ છે. (1) નારીસ્વરૂપ (૨) આદર્શોનું મહત્વ (3) બિનસાંપ્રાદયિકતા / સાંસ્કૃતિક એકતા (4) કેટલાક વિશિષ્ટ ખ્યાલો (૫) મૃત્યુ પ્રત્યેનો અભિગમ (6) ૠષિઓ, સાધુ-સંતો, ભકતો (7) આધ્યાત્મિકતા / ભકિતનો મહિમા અને (8) વિશાળતા-ઉદારતા હતી.

3. ધોરણ-1૨ ના પાઠયપુસ્તકમાં આવરાયેલી ભારતીય સંસ્કૃતિની લાક્ષણિકતાઓ પૈકી સૌથી વધુ પ્રમાણ ધરાવતી લાક્ષણિકતા ૠષિઓ, સાધુ-સંતો અને ભકતો હતી. આ લાક્ષણિકતાનું પ્રમાણ 8 (આઠ) હતું.

4. ધોરણ-1૨ ના પાઠયપુસ્તકના ગદ્ય વિભાગમાં ભારતીય સંસ્કૃતિની 10 (દસ) લાક્ષણિકતાઓ તારવવામાં આવી. (1) માનવેત્તર સૃષ્ટિ / પર્યાવરણ સાથે પ્રેમસંબંધ (૨) નારીસ્વરૂપ (3) આદર્શોનું મહત્વ (4) બિનસાંપ્રદાયિકતા / સાંસ્કૃતિક એકતા (૫) કેટલાક વિશિષ્ટ ખ્યાલો (6) મૃત્યુ પ્રત્યેનો અભિગમ (7) ભારતીય કલા (8) ભારતીય તહેવારો, ઉત્સવો, મેળાવડાઓ (9) ૠષિઓ, સાધુ-સંતો, ભકતો અને (10) જીવનમૂલ્યો.

૫. આ અભ્યાસના અંતે ધોરણ-1૨ ના પાઠયપુસ્તકના ગદ્ય વિભાયના સ્વાધ્યાયમાંથી 6 (છ) લાક્ષણિકતાઓ તારવવામાં આવી. જે આ પ્રમાણે હતી. (1) નારી સ્વરૂપ (૨) આદર્શોનું મહત્વ (3) બિનસાંપ્રદાયિકતા / સાંસ્કૃતિક એકતા (4) મૃત્યુ પ્રત્યેનો અભિગમ (૫) ભારતીય તહેવારો, ઉત્સવો અને મેળાવડાઓ અને (6) જીવનમૂલ્યો.

6. ધોરણ-1૨ ના પાઠયપુસ્તકોના ગદ્ય વિભાગમાં જોવા મળેલી લાક્ષણિકતાઓ પૈકી સૌથી વધુ પ્રમાણ ધરાવતી લાક્ષણિકતા જીવનમૂલ્યો હતા જેનું પ્રમાણ 7 (સાત) હતું.

7. અભ્યાસમાં નકકી કરેલી લાક્ષણિકતાઓ પૈકી ધોરણ-1૨ ના સમગ્ર પાઠયપુસ્તક (પદ્ય તેમજ ગદ્ય વિભાગ) માં 1૨ (બાર) લાક્ષણિકતાઓ જોવા મળી.(1) માનવેત્તર સૃષ્ટિ / પર્યાવરણ સાથે પ્રેમસંબંધ (૨) નારીસ્વરૂપ (3) આદર્શોનું મહત્વ (4) બિનસાંપ્રદાયિકતા / સાંસ્કૃતિક એકતા (૫) કેટલાક વિશિષ્ટ ખ્યાલો (6) મૃત્યુ પ્રત્યેનો અભિગમ (7) ભારતીય કલા (8) ભારતીય તહેવારો, ઉત્સવો, મેળાવડાઓ (9) ૠષિઓ, સાધુ-સંતો, ભકતો અને (10) આધ્યાત્મિકતા / ભકિતનો મહિમા, (11) વિશાળતા-ઉદારતા અને (1૨) જીવનમૂલ્યો.

## સંદર્ભસૂચિ :

અગ્રવાલ, એસ. (૨000). ભારતીય શિક્ષા યુગે યુગે.

ઉચાટ, ડી.એ. (1997). સંશોધન સમસ્યા પસંદગીના સૈદ્ધાંતિક અને વ્યવહારૂ આધારો. રાજકોટ : પારસ પ્રકાશન.

,, (1998), સંશોધનના પ્રારંભે. રાજકોટ : અક્ષરભવન, પંચવટી સોસાયટી,

,, (૨000). સંશોધનની વિશિષ્ટ પદ્ધતિઓ. રાજકોટ : 3, ટાગોરનગર, અમીનમાર્ગે

,, (૨006). ગુણાત્મક સંશોધન. રાજકોટ : 3, ટાગોરનગર, અમીનમાર્ગ,

ઉચાટ, ડી.એ. અને અન્યો. (સં.) (1998). સંશોધનનું સંદોહન. રાજકોટ : શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

,, (1998). સંશોધન અહેવાલનું લેખન શી રીતે કરશો ? રાજકોટ : નિજ્ઞિજન સાયકો સેન્ટર.

,, (૨006). શૈક્ષણિક સંશોધનોના સારાંશ (1978-૨006). રાજકોટ : શિક્ષણશાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.

જાદવ, એસ. (૨009). ભારતીયતા. રાજકોટ : ભરાડ ફાઉન્ડેશન.

જાની, બી. (1998). ગુજરાતી નિબંધમાં રાષ્ટ્રભાવના અને સંસ્કૃતિની ઝલક, (લેખ). ભશબ્દસૃષ્ટિભ સ્વાતંત્ર્ય સુવર્ણ જયંતિ વિશેષાંક, વર્ષ-1૫.

જોષી, એચ.ઓ. (198૫). સંશોધન અહેવાલની લેખન ભૂલો. રાજકોટ : આશુતોષ પ્રકાશન.

,, (૨006). કેળવણીના સામાજિક પાયા. રાજકોટ : સૌરાષ્ટ યુનિવર્સિટી.

ઠાકર, એમ.જે. અને મૈયાણી જે.પી. (૨000). શિક્ષણની સમાજશાસ્ત્રીય આધારશિલાઓ. અમદાવાદ : પાર્શ્વ પબ્લિકેશન.

દવે, એસ. (1996). ચિરન્તન ભારતીય સંસ્કૃતિ

દેસાઈ, એચ.જી. અને દેસાઈ, કુ. જી. (1979). સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ. અમદાવાદ : યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ.

નવજીવન પ્રકાશન, (1949). સાર્થ ગુજરાતી જોડણીકોશ

પટેલ, બી. (સં.) (198૨). જીવનનું કાવ્ય. કાકાસાહેબ કાલેલકરના ઉત્તમ નિબંધો.

પટેલ, એલ.એન. (સં.) (1999). સંશોધન : સારસંચય. ભઓસાભ ડૉ. દાઉદભાઈ ઘાંચી શૈક્ષણિક સંશોધન કેન્દ્ર અને શિક્ષણ અનુસ્નાતક, બી.ડી. શાહ, કોલેજ ઓફ એજ્યુકેશન, (સી.ટી.ઈ.) મોડાસા.

પરમાર, ટી. (198૨). ભારતીય સંસ્કૃતિની ઝલક.

ભગવતસિંહજી, (1948). ભગવદ્મંડલ ભાગ-7

ભાલ, જે.ડી. અને મોદી, ડી. (199૫). સંશોધન માધુકરી. ભાવનગર : ભાવનગર યુનિવર્સિટી

ભાવે, એસ. એસ. (૨000). ભારતીય સંસ્કૃતિ સાને ગરૂજી. અનુવાદ

મહર્ષિ, અરવિંદ (197૨). ભારતીય સંસ્કીતના પાયા.
મિશ્ર, (19૫૨). ભારતીય સંસ્કૃતિ.
મોલિયા, એમ.એસ. (૨00૫). શૈક્ષણિક સંશોધનના ક્ષેત્રો. રાજકોટ : અર્થ ગ્રાફિકસ
મોદી, ડી.જે. અને અન્યો (1991). સંશોધનની માધુકરી, ભાવનગર : ભાવનગર યુનિવર્સિટી.
વૈદ, એન. (1996). ભારતીય સાહિત્યની વિભાવના. લેખ ભસ્વાધ્યાયભ અંક 3-4.
વ્યાસ, કે. ભનિલકંઠભ (1999). ભારતીય સંસ્કૃતિ ઔર પર્યાવરણ સંરક્ષણ
શાસ્ત્રી, કે. કા. (1981). બૃહદ્ ગુજરાતીકોશ ભાગ-૨.
સાધુ, વિવેકપ્રિયદાસ (૨003). આપણો સાંસ્કૃતિક વારસો ભાગ-1
સાને, ગુરૂજી (૨000). ભારતીય સંસ્કૃતિ.
સ્વામી સચ્ચિાનંદ, ભારતીય એટલે શું ? (ઓડિયો કેસેટ).



Publishing URL: : http://www.researchreviewonline.com/issues/volume-7-issue-92-december-2020/RRJ534861